# ગુજરાતી નિબંધો

# ધોરણ - ૩ થી ૮

નરસિંહ ટેકરી પ્રાથમિક શાળા, ડાકોર

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે સૌ આગળ વધે

તા. ઠાસરા જી. ખેડા




ફાઇલ બનાવનાર

સુજય પટેલ

તા. ઠાસરા જી. ખેડા

Sujay4patel.blogspot.com

# મોર

મોર સૌથી સુંદર પક્ષી છે.

મોરને રંગબેરંગી લાંબાં પીંછાં અને ભૂરી ડોક હોય છે. તેને માથે કલગી હોય છે. તેને બે પગ અને બે આંખ હોય છે.

મોર દાણા અને જીવડાં ખાય છે. મોર સાપને મારી નાખે છે. તેથી તે ખેડૂતનો સાથી કહેવાય છે.



મોર જંગલમાં, ખેતરમાં, શહેરના પ્રાણીબાગમાં, બગીચામાં અને મોટા બંગલાઓના કમ્પાઉન્ડમાં જોવા મળે છે.

મોર કળા કરીને નાચતો હોય ત્યારે ખૂબ સુંદર લાગે છે. મોર "ટહૂક... ટહૂક..." બોલે છે. શ્રીકૃષ્ણના મુગટમાં મોરનું પીંછું ખોસેલું હોય છે.

મોર આપણું રાષ્ટ્રીય પક્ષી છે.



# કૂતરો

કૂતરો પાલતુ પ્રાણી છે. કૂતરાનો રંગ સફેદ, કાળો, રાતો કે કાબરચીતરો હોય છે. કૂતરાને ચાર પગ, બે કાન, બે આંખ અને એક વાંકી પૂંછડી હોય છે.

કૂતરો રોટલો, રોટલી અને દૂધ ખાય છે. કૂતરીના બચ્ચાને "ગલૂડિયું" કે "કુરકુરિયું" કહે છે.

કૂતરો વફાદાર પ્રાણી છે. તે ઘરની ચોકી કરે છે. રાતે કોઈ અજાણી વ્યક્તિ આવે તો તે ભસે છે. કૂતરો પગલાં સુંઘીને ચોરની ભાળ મેળવી આપવાનું પણ કામ કરે છે. આથી પોલીસદળમાં કૂતરા પાળવામાં આવે છે.

કેટલાક લોકો શોખ ખાતર કૂતરા પાળે છે. તેને રાજુ, ટોમી, મોતી જેવાં લાડલાં નામોથી બોલાવે છે. શિકારીઓ અને ખેડૂતો પણ કૂતરા પાળે છે. કૂતરો તેના માલિકને જોઈને ખુશ થાય છે. તે પૂંછડી પટપટાવે છે અને તેના માલિકના પગ ચાટે છે.

કૂતરો પ્રેમાળ પ્રાણી છે.

## વર્ષાઋતુ

વર્ષાઋતુ વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. વર્ષાઋતુમાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાંના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં-મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાંઉ".. "ડ્રાંઉં".. કરે છે.



ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવાર વર્ષાઋતુમાં આવે છે. લોકો આ તહેવારો આનંદથી ઊજવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકસાન થાય છે. અનાજ પાકતું નથી. તેને લીલો 'દુકાળ' કહે છે. કોઈ વાર તદ્દન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી. તેને "સુકો દુકાળ" કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.

Sujaypatel11.blogspot.in

## મારી શાળા

મારી શાળાનું નામ આદર્શ પ્રાથમિક શાળા છે.

મારી શાળા મણિનગરમાં આવેલી છે. મારી શાળાનું મકાન ત્રણ માળનું છે. તેમાં અઢાર ઓરડા છે. દરેક ઓરડો મોટો અને હવાઉજાસ વાળો છે. દરેક ઓરડામાં બે પંખા છે. મારી શાળામાં એક પુસ્તકાલય અને એક વિજ્ઞાનખંડ છે.



મારી શાળાના આગળના ભાગમાં નાનો બગીચો છે. પાછળના ભાગમાં રમતનું મોટું મેદાન છે. તેમાં અમે જુદી જુદી રમતો રમીએ છીએ.

મારી શાળામાં ધોરણ ૧ થી ૮ ના સત્તર વર્ગો છે. મારી શાળાના આચાર્યનું નામ ભાવિનભાઈ છે. તે ખૂબ પ્રેમાળ છે. મારી શાળાના શિક્ષકો અમને ખૂબ સારું ભણાવે

છે. તે અમને નાટક, ગરબા, અભિનય-ગીતો વગેરે શીખવે છે. અમને શાળામાંથી વર્ષમાં એક વાર પ્રવાસ પણ લઈ જાય છે.

હું શાળામાં હોંશે હોંશે ભણવા જાઉં છું. મને મારી શાળા બહુ ગમે છે.

## કાગડો

કાગડો એ ઘરઆંગણાનું પક્ષી છે. કાગડાનો રંગ કાળો હોય છે. કાગડાને બે પાંખો, બે આંખો અને બે પગ હોય છે.

કાગડો ઝાડની ઘટામાં માળો બાંધે છે. તેનો માળો ઢંગધડા વગરનું હોય છે. કોયલ તેના માળામાં ઈંડા મૂકી જાય છે પણ તેની તેને ખબર પડતી નથી. તે કોયલના ઈંડાને પોતાના ઈંડા સમજીને સેવે છે.



કાગડો દાણા, જીવાડાં અને એઠવાડ ખાય છે. કાગડો ખૂબ ચકોર હોય છે. તેને સહેલાઈથી પકડી શકાતો નથી. વળી તે આપણા હાથમાંથી ખાવાની વસ્તુ પડાવી જાય તો ખબરેય ન પડે. કાગડો 'કા..', 'કા...' બોલે છે. કાગડાની આ કર્કશ વાણી કોઈનેય સાંભળવી ગમતી નથી.

કાગડાની જાત ખૂબ સંપીલી હોય છે. જયારે કોઈ આફત આવે ત્યારે બધા કાગડા ભેગા થઈ રોકકળ કરી મૂકે છે. ઘર ઉપર કાગડો બોલે તો મહેમાન આવે એવું લોકો માને છે.

Sujaypatel11.blogspot.in

કાગડા વિષે જાતજાતની વાર્તાઓ, રૂઢિપ્રયોગો અને કહેવતો છે. મને કાગડાની વાર્તાઓ સાંભળવી બહુ ગમે છે.

## આપણો રાષ્ટ્રધ્વજ



આપણો રાષ્ટ્રધ્વજ ત્રિરંગી છે.

આપણા રાષ્ટ્રધ્વજમાં સૌથી ઉપર કેસરી રંગનો પટ્ટો હોય છે. કેસરી રંગ વીરતાનું પ્રતીક છે. તે આપણને દેશ માટે બલિદાન આપવાની પ્રેરણા આપે છે. વચમાં સફેદ રંગનો પટ્ટો છે. તે શાંતિનું પ્રતીક છે. સૌથી નીચે લીલા રંગનો પટ્ટો આવેલો છે. તે દેશની આબાદીનું પ્રતીક છે. આપણા રાષ્ટ્રધ્વજની વચ્ચે એક ચક્ર છે. તેને "અશોકચક્ર" કહે છે. તે બધા ધર્મો પ્રત્યે આદર રાખવાનું સૂચવે છે.

આપણે પંદરમી ઓગસ્ટે અને છવ્વીસમી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રધ્વજ ફરકાવીએ છીએ. આપણે રાષ્ટ્રધ્વજને સલામી આપીએ છીએ અને રાષ્ટ્રગીત ગાઈએ છીએ.

આપણો રાષ્ટ્રધ્વજ આપણા દેશની શાન છે. “ઝંડા ઊંચા રહે હમારા” .

## પંદરમી ઑગષ્ટ (સ્વાતંત્ર્ય દિન)

પંદરમી ઓગષ્ટ એટલે સ્વાતંત્ર્યદિન. લાંબા સમય સુધી અંગ્રેજોએ આપણા દેશમાં રાજય કર્યું. આપણે પરતંત્ર હતા, ગુલામ હતા. આપણો દેશ સ્વતંત્ર થાય એ માટે મહાત્મા ગાંધીજી અને બીજા નેતાઓએ પ્રયત્નો કર્યા. સ્વાતંત્ર્ય મેળવવા કેટલાય શહીદો થયા. સને ૧૯૪૭ના ઓગષ્ટ માસની પંદરમી તારીખે આપણે આઝાદી હાંસલ કરી. આ દિવસેને આપણે સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવીએ છીએ. આ આપણો ગૌરવભર્યો રાષ્ટ્રીય તહેવાર છે. પંદરમી ઓગસ્ટ અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ ધ્વજવંદનનો છે. દિલ્હીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. તેઓ પ્રજાજોગ સંદેશો પાઠવે છે. આપણાં શહેરોમાં તથા ગામે ગામ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓમાં પણ ધ્વજવંદન કરવામાં આવે છે. પંદરમી ઓગષ્ટને દિવસે પ્રભાતફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દેશભક્તિનાં ગીતોનું ગાન જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. રાત્રીએ જાહેર સંસ્થાઓની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવે છે. ખૂબ બલિદાન આપીને મેળવેલી આઝાદીનું જતન કરવા પ્રતિજ્ઞા લેવાનો આ દિવસ છે. દરેકને રાષ્ટ્ર માટે પ્રેમ, ગૌરવ અને બલિદાન આપવાની ભાવના હોવી જોઈએ.



sujaypatel11.blogspot.in

## રક્ષાબંધન



રક્ષાબંધન શ્રાવણ માસના તહેવારોનો મહિનો કહે છે. શ્રાવણ માસમાં ઘણા તહેવારો આવે છે. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે બળેવનો તહેવાર ઊજવવામાં આવે છે.

કાચા સૂતરના ધાગાની રાખડી હોય છે. તેમાં રેશમના ફૂમતા વચ્ચે મોતી હોય છે હવે તો કલાત્મક રીતે રાખડીઓ બનાવવામાં આવે છે. બહેન ભાઈને હાથે રાખડી બાંધવા ઉત્સુક છે, ભાઈ બહેન પાસે રાખડી બંધાવવા ઉત્સુક હોય છે.

વહેલી સવારે રક્ષાબંધનની વિધિ કરવામાં આવે છે. બહેન ભાઈના કપાળમાં કુમકુમ તિલક કરે છે, અક્ષત ચોઢે છે. એ પછી તે ભાઈના જમણા હાથે રાખડી બાંધે છે.



રાખડી બાંધ્યા પછી બહેન ભાઈને ગોળ ખવડાવે છે. હવે ગોળને બદલે પેંડો ખવડાવે છે. બહેન ભાઈને અંતરના આશિષ આપે છે. આ પછી ભાઈ બહેનને તેની રક્ષા કરવા તથા તેને દુ:ખ કે સંકટ વેળાએ મદદ કરવાની ખાતરી આપે છે. તે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે બહેનને ભેટ આપે છે. જેને 'વીરપસલી' કહે છે. આમ, રક્ષાબંધન એ ભાઈબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર છે.

આ દિવસે બ્રાહ્મણો પૂજાવિધિ કરી જનોઈને બદલે છે. ઘણાં સ્થળે બ્રાહ્મણો નદીકિનારે જઈને જનોઈ બદલવાની વિધિ કરતા હોય છે.

'રક્ષાબંધન'ના તહેવારને બળેવ પણ કહે છે. આ દિવસે નાવિકો સમુદ્રની પૂજા કરે છે. તેઓ સમુદ્રને નાળિયેરથી વધારે છે. તેથી તેને 'નાળિયેરી પૂનમ' પણ કહે છે.



આ રક્ષાબંધનના દિવસને કેટલીક સામાજિક સંસ્થાઓ પણ ઊજવે છે. આવી સંસ્થાઓ તરફથી કેટલીક બહેનો હોસ્પિટલોમાં જઈને દર્દીઓને હાથે રાખડી બાંધે છે. તેઓ તેમને જલદી સાજા થઈ જવાની શુભેચ્છા આપે છે. કેટલીક બહેનો જેલમાં જઈને કેદીઓને હાથે રાખડી બાંધે છે. તેમને સારું જીવન જીવવા આ પ્રસંગે પ્રેરણા આપે છે.

Sujaypatel11.blogspot.in

રક્ષાબંધન એક સામાજિક તહેવાર છે. તેની ઉજવણીમાં ભાઈ બહેનનો પ્રેમ ઝળહળે છે.

## દિવાળી

દિવાળી આસો મહિનાની અમાસે આવે છે.

નવરાત્રિ પછી લોકો દિવાળીની તૈયારી કરે છે. તેઓ ઘરની સફાઈ કરે છે. ઘર રંગાવે છે. વાસણો માંજીને ચકચકિત કરે છે. નવાં કપડાં, વાસણો, ફટાકડા વગેરેની ખરીદી કરે છે. જાતજાતની મીઠાઈઓ બનાવે છે.

દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ, દિવાળીમાં લોકો ઘરને રોશનીથી



શણગારે છે. બહેનો આંગણામાં સાથિયા પૂરે છે અને દીવા મૂકે છે. વેપારીઓ ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન કરે છે. લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને "સાલમુબારક" કહે છે. કેટલાક લોકો સગાંસંબંધીઓને દિવાળીકાર્ડ મોકલે છે. શાળામાં દિવાળીની રજાઓ હોય છે. તેમને નવાં કપડાં પહેરી ફટાકડા ફોડવાની ઘણી મજા પડે છે.

દિવાળી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

## હોળી



હોળી ફાગણ સુદ પુનમને દિવસે હોળીનો ઉત્સવ ઊજવવામાં આવે છે.

હિરણ્યકશ્યપ નામે એક રાક્ષસ રાજા હતો. તેના કુંવરનું નામ પ્રહલાદ હતું. પ્રહલાદ પ્રભુનો ભક્ત હતો. તેના પિતા ભગવાનના વેરી હતા. તેમને પ્રહલાદ પ્રભુને ભજે એ ન ગમે. હિરણ્યકશિપુની એક બહેન હતી. તેનું નામ હોલિકા હતું. તેને અગ્નિ બાળી ન શકે એવું વરદાન હતું. પ્રહલાદને મારી નાંખવા હોલિકા તેને ખોળામાં બેસાડી લાકડાંઓની ચિતા પર બેઠી. ચિતા સળગાવવામાં આવી ચમત્કાર થયો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ. પ્રહલાદ ઊગરી ગયો. આમ સત્ય અને પ્રભુની ભક્તિનો વિજય થયો. આ પૌરાણિક પ્રસંગથી હોળીનો તહેવાર ઊજવવામાં આવે છે. પ્રહલાદ ઊગરી ગયો તેના આનંદમાં સૌ આનંદ ઉત્સવ ઊજવે છે.



તેઓ એકબીજા પર ગુલાલ છાંટે છે. પછી તો આ સમગ્ર તહેવાર રંગનો ઉત્સવ બની ગયો. ગામને પાદરે કે શેરીને નાકે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સહુ હોળીની પૂજા કરે છે. હોળીના દિવસે લોકો હારડા, ધાણી-ચણા અને ખજૂર ખાય છે.

હોળી પછીના બીજા દિવસને સૌ ધુળેટી તરીકે ઊજવે છે. આ દિવસે લોકો એકબીજા પર રંગ અને ગુલાલ છાંટે છે. બાળકો રંગની પિચકારીઓથી એકબીજાને રંગે છે. હોળીનો તહેવાર બાળકોને અતિ પ્રિય છે.

## વાર્તાલેખન (સમજદાર બકરીઓ)

**એક ઝરણા ઉપર લાકડાનો સાંકડો પુલ – બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર એક બકરીનું બેસી જવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – થોડી વાર પછી બે કુતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળુ – બંનેનું ઝઘડવું – ઝરણામાં પડવું – બોધ.**

એક ઝરણું હતું. તેના ઉપર લાકડાનો સાંકડો પુલ હતો. ચોમાસના દિવસો હતા. ઝરણામાં પાણી વેગથી વહી રહ્યું હતું. બે બકરીઓ પુલના સામસામેના છેડાથી આવી. બંને પુલની વચ્ચે ભેગી થઈ. બંને એકસાથે પસાર થઈ શકે તેમ ન હતું. પણ બંને બકરીઓ સમજદાર હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના ઉપરથી પસાર થઈ ગઈ.

થોડા સમય બાદ બે કૂતરાઓ પુલના સામસામેના છેડાથી આવ્યા. બંને કૂતરાઓ પુલની વચ્ચે ભેગા થઈ ગયા. પુલ એટલે સાંકડો હતો કે બંને કૂતરાઓ માટે એકસાથે પસાર થવાનું શકય ન હતું. બંને કૂતરાઓ ઝઘડાલુ હતા. બંને કૂતરા એકબીજાની સામે ભસવા લાગ્યા. બંને એકબીજાને પાછા ધકેલવા લાગ્યા. તેમ કરતાં કરતાં બંને કૂતરાઓ ઝરણામાં પડયા અને પાણીના વહેણમાં તણાઈને મરી ગયા.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આફતના સમયે આપણે સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ.

Sujaypatel11.blogspot.in

## પત્રલેખન

**તમારાં મોટા ભાઈનાં લગ્ન છે. તેથી તમે ચાર દિવસ નિશાળે જઈ શકો તેમ નથી. તેની રજાચિઠ્ઠી લખો.**



૬૮, ભાગ્યોદય સોસાયટી,
સોલા રોડ,
અમદાવાદ-૩૮૦૦૬૧
તા. ૩૧-૧-૨૦૧૮

પૂજ્ય ગુરુજી,

સાદર પ્રણામ તા. ૩-૨-૨૦૧૮ ના રોજ મારા મોટા ભાઈનાં લગ્ન છે. તેથી હું તા. ૧-૨-૨૦૧૮ થી તા. ૪–૨–૨૦૧૮ સુધી શાળાએ આવી શકું તેમ નથી. તો મારી ચાર દિવસની રજા પૂરવા મહેરબાની કરશોજી.

લિ.
આપની આજ્ઞાંકિત વિદ્યાર્થી,
ભરત પટેલ
ધો. ૫, નં. ૧૧

## કમ્પ્યુટર

વિજ્ઞાને આપણને અનેક સુખ-સગવડનાં સાધનોની ભેટ આપી છે. તેમાં કમ્પ્યુટર વિજ્ઞાનની અદભૂત ભેટ છે. કમ્પ્યુટર દેખાવે ટીવી જેવું હોય છે. કમ્પ્યુટરમાં કી-બોર્ડ, માઉસ, મોનિટર અને પ્રિન્ટર જેવા ભાગો હોય છે. કી-બોર્ડ ટાઈપરાઈટર જેવું હોય છે.



તેનાથી ટાઈપ થઈ શકે છે. માઉસનો ઉપયોગ આકૃતિ દોરવા માટે થાય છે. વળી તેના બીજા અનેક ઉપયોગો છે. મોનિટર પર ચિત્રો જોઈ શકાય છે અને લખાણ વાંચી શકાય છે. કમ્પ્યુટર ઝડપથી લખી શકે છે અને ગણતરી કરી શકે છે. કમ્પ્યુટર પર રમતો રમી શકાય છે. કમ્પ્યુટર પર ગીતો સાંભળી શકાય છે અને ચલચિત્રો પણ જોઈ શકાય છે.

Sujaypatel11.blogspot.in

આજે ઑફિસો, બૅન્કો, શાળાઓ, દુકાનો વગેરેમાં કમ્પ્યુટરનો ઉપયોગ થઈ રહ્યો છે. કમ્પ્યુટર આપણને ખરેખર ખૂબ જ ઉપયોગી છે.

હું કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં શીખું છું.

## છવ્વીસમી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન)

છવ્વીસમી જાન્યુઆરી આપણો રાષ્ટ્રીય તહેવાર છે.

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ આપણું બંધારણ અમલમાં આવ્યું. આ દિવસથી પ્રજાનું રાજ્ય સ્થપાયું તેથી આ દિવસને આપણે "પ્રજાસત્તાક દિન" તરીકે ઊજવીએ છીએ.

પ્રજાસત્તાક દિનના દિવસે સવારે શાળાઓમાં ધ્વજવંદન કરવામાં આવે છે. સરકારી કચેરીઓ પર ધ્વજ ફરકાવવામાં આવે છે. શાળાઓમાં મનોરંજન કાર્યક્રમ કે રમતોત્સવ યોજાય છે.



દિલ્લીમાં આપણા લશ્કરની કવાયત થાય છે. વળી જુદાં જુદાં રાજ્યોના મનોરંજક કાર્યક્રમો પણ બતાવાય છે  રેડિયો અને ટી. વી. પર દેશભક્તિના ગીતો રજૂ કરવામાં આવે છે. રાતે ઠેર ઠેર મકાનો પર રોશની જોવા મળે છે. આપણે આપણા દેશની સેવા કરીએ એ જ પ્રજાસત્તાક દિનનો સંદેશ છે.

## વાર્તાલેખન

**બે બિલાડીઓ – એક રોટલો મળવો – રોટલા માટે ઝઘડવું – ન્યાય કરાવવા વાંદરા પાસે જવું – વાંદરાએ ત્રાજવાં લઈ આવવાં – રોટલાના બે ટુકડા કરવા – તોલવું – એક બાજુનું પલ્લું નમવું – તે માંથી રોટલાનો ટુકડો ખાવો – આમ ટુકડે ટુકડે રોટલો ખાતા જવું – છેવટનો ટુકડો પણ “આ મારી મહેનતનો” કહી ખાઈ જવો - બોધ.**

બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ હતી. બંને ભૂખી હતી, બંને ખોરાકની શોધમાં ફરતી હતી. એટલામાં એમની નજર એક ઘરમાં પડેલા રોટલા પર પડી. બંનેએ એકસાથે રોટલા પર તરાપ મારી.

એક બિલાડી રોટલો લઈ ભાગી. બીજી બિલાડી એની પાછળ દોડી. બંને રોટલા માટે ઝઘડવા લાગી. તેવા તેઓની નજર એક વાંદરા પર પડી.

બંને બિલાડીઓ વાંદરા પાસે ગઈ. તેમણે વાંદરાને બધી વાત કરી અને ન્યાય કરવા વિનંતી કરી.

વાંદરાને બિલાડીઓ પાસેથી રોટલો પડાવી લેવો હતો. તેણે એક યુકિત વિચારી કાઢી. તે ક્યાંકથી ત્રાજવાં લઈ આવ્યો.

વાંદરાએ રોટલાના બે ટુકડા કર્યા. તેણે ત્રાજવાનાં બંને પલ્લામાં એક–એક ટુકડો મૂકી ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને ખાઈ ગયો. પછી બાકી રહેલો ટુકડો પલ્લામાં મૂકીને ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું

નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને તે ખાઈ ગયો. વાંદરાએ આમ વારંવાર કર્યું. છેવટે એક પલ્લામાં રોટલાનો નાનો ટુકડો રહ્યો.

આ ટુકડો 'મારી મહેનતનો' એમ કહી વાંદરો તે ટુકડો પણ ખાઈ ગયો અને 'હૂપ' 'હૂપ'.... કરતો ભાગી ગયો. બંને બિલાડીઓ જોતી જ રહી ગઈ.

આમ, બેની લડાઈમાં ત્રીજો ફાવે છે.

## સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમનો જન્મ કોલકાતામાં ૧૨ જાન્યુઆરી, ૧૮૬૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથ દત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી હતું.

નરેન્દ્રનાથ ભણવામાં તેજસ્વી હતા. તેમની યાદશકિત અદભુત હતી. તેઓ એક વાર પુસ્તક વાંચતા અને તેમને બધું યાદ રહી જતું. તેઓ નીડર હતા. પોતે અનુભવ ન કરે ત્યાં સુધી તે કોઈ વાતને સાચી માનતા નહિ.



Sujaypatel11.blogspot.in

નરેન્દ્રનાથને એક જ ધૂન હતી : "મારે ઈશ્વરને જોવા છે." તેઓ ગુરુની શોધમાં ઘણી વ્યક્તિઓને મળ્યા, પણ તેમને કોઈનાથી સંતોષ થયો નહિ. તે રામકૃષ્ણ પરમહંસને મળ્યા. તેમનામાં તેમને સાચા ગુરુના દર્શન થયાં. તે સંન્યાસી બની ગયા. સ્વામી રામકૃષ્ણ પરમહંસે તેમને 'વિવેકાનંદ' નામ આપ્યું.

ત્રીસ વર્ષની ઉંમરે સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો શહેરમાં ભરાયેલી ધર્મપરિષદમાં હાજરી આપી. તેમણે પોતાની વાણીથી દુનિયામાં ભારતીય સંસ્કૃતિનો ડંકો વગાડયો. સ્વામી વિવેકાનંદે "રામકૃષ્ણ મિશનની" સ્થાપના કરી. આ સંસ્થા શિક્ષણ અને સેવાનાં કામ કરે છે.

વિવેકાનંદે યુવાનોને સૂત્ર આપ્યું : "ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો." તેમનું ઓગણચાલીસ વર્ષની નાની ઉંમરે અવસાન થયું.

# વાર્તાલેખન

**નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો. વાર્તાને યોગ્ય મથાળું આપો ?**

(૧) એક ઝાડ – ઝાડ પર માળો – માળામાં કબૂતર રહે – ઝાડની નીચે દર – દરમાં કીડી રહે – વરસાદ પડ્યો – કીડી તણાવા લાગી - કબૂતર પાંદડું નાખ્યું – કીડી બચી ગઈ – એક શિકારી આવ્યો – કબૂતરનો શિકાર કરવા નિશાન તાક્યું – કીડીએ શિકારીને પગે ચટકો ભર્યો – કબૂતર બચી જાય

## કીડી અને કબૂતર

એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડની નીચે દર હતું. તેમાં એક કીડી રહેતી હતી.

એક વખત વરસાદ પડ્યો. કીડીના દરમાં પાણી ભરાઈ ગયું. કીડી પાણીમાં તણાવા લાગી. માળામાં બેઠેલા કબૂતરે આ જોયું. તેણે તરત જ ઝાડનું પાંદડું તોડી કીડી પાસે નાખ્યું. કીડી તરત જ પાંદડા પર ચડી ગઈ. કબૂતર પાંદડું ચાંચમાં લઈ ઊડ્યું. આથી કીડી બચી ગઈ. કીડીએ કબૂતરનો આભાર માન્યો.

થોડા દિવસ પછી ત્યાં એક શિકારી આવ્યો. તેણે કબૂતરનો શિકાર કરવા બાણ તાક્યું. કીડીએ આ જોયું. તે તરત જ શિકારી પાસે આવી અને શિકારીના પગે ચટકો ભર્યો. શિકારીના હાથમાંથી બાણ છૂટી ગયું. તે નિશાન ચૂકી ગયું. અવાજ થતાં કબૂતર ઊડી ગયું. કબૂતર બચી ગયું. આમ, કીડીએ કબૂતરનો જીવ બચાવ્યો.

Sujaypatel11.blogspot.in

બીજાનું ભલું કરવાથી આપણું ભલું થાય છે .

# વિચાર વિસ્તાર

**કડવા હોયે લીમડા, શીતળ એની છાંય;**
**બાંધવ હોય અબોલડા તોય પોતાની બાંય.**

આ સુભાષિતમાં કુટુંબભાવનાની વાત કરવામાં આવી છે. તેને માટે લીમડાનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. લીમડો ભલે કડવો હોય, પરંતુ એની છાયા શીતળ હોય છે. એ જ રીતે આપણાં ભાઈભાંડુ, કુટુંબીજનો ભલે વઢકણા હોય, પરંતુ એ જ સંકટ સમયે મદદરૂપ થતાં હોય છે. આથી આપણે આપણાં કુટુંબીજનોને પોતાનાં ગણવાં જોઈએ. તેઓ આપણને કોઈ વાર બે કડવાં વેણ કહે તો એનું માઠું લગાડવું જોઈએ નહી.

# વિચારવિસ્તાર

**હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય;**
**ખંત જો દિલમાં હોય તો, કદી ન ફોગટ જાય.**

આ પંકિતઓમાં કવિ કહે છે કે કોઈ પણ મુશ્કેલ કામ મહેનત કરવાથી જલદી પૂરું થાય છે. જો આપણા દિલમાં ખંત હોય તો અઘરું લાગતું કામ પણ મહેનતથી પાર પાડી શકાય છે. આપણી મહેનત કદી નકામી જતી નથી.

કેટલાંક કામ અઘરા હોય છે. જો આપણે વિચાર જ કરતા રહીએ કે તે ક્યારે થશે અથવા કેવી રીતે થશે, તો તે કામ કયારેય થશે નહિ. આપણે ઉત્સાહથી અને આયોજનપૂર્વક એ કામ કરવા માંડીએ તો આપણને સફળતા ચોકકસ મળે છે. વિદ્યાર્થી તરીકે આપણને જે વિષયો અઘરા લાગતા હોય તે શીખવા માટે આપણે ખંતથી મહેનત કરીએ તો એમાં ચોકકસ સફળતા મળે છે.

આપણે ખંતથી મહેનત કરવી જોઈએ.

## મહાત્મા ગાંધીજી

મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાભરના મહા-પુરૂષોમાં મોખરે છે. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત જેવા મહાપુરુષો સાથે મહાત્મા ગાંધીજીને પણ યાદ કરવામાં આવે છે. આપણે સૌ તેમને 'મહાત્મા ગાંધીજી', 'બાપુજી' જેવાં લાડીલાં નામોથી ઓળખીએ છીએ.

મહાત્મા ગાંધીજીનું નામ મોહનદાસ હતું. તેમના પિતાનું નામ કરમચંદ હતું. તેમની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૬૯ ના ઓક્ટોમ્બર માસની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો.



મહાત્મા ગાંધીજીની પત્નીનું નામ કસ્તૂરબા હતું. સૌ તેમને આદર સાથે "બા" કહીને બોલાવતા. ઘણી નાની ઉંમરમાં કસ્તૂરબા સાથે ગાંધીજીના લગ્ન થયાં હતાં.

મેટ્રિક સુધીનો અભ્યાસ ભારતમાં પૂર્ણ કરી ગાંધીજી ઇંગ્લેન્ડ

ગયા. ત્યાં તેમણે કાયદાનું શિક્ષણ મેળવ્યું. વકીલ થયા પછી તેમણે દક્ષિણ આફ્રિકામાં વકીલાત શરૂ કરી. એ સમયે આફ્રિકામાં કાળા-ગોરાના ભેદભાવ સામે તેમણે સત્યાગ્રહ કર્યો.

આફ્રિકાથી ગાંધીજી ભારત પાછા ફર્યા. સ્વરાજ્ય માટે તેમણે અંગ્રેજો સામે અહિંસક લડત શરૂ કરી. અમદાવાદમાં નદી સાબરમતીને કિનારે આશ્રમ બનાવી તેઓ ત્યાં રહ્યા. મીઠા પર અંગ્રેજોએ કર નાંખ્યો. આ માટે તેમણે સત્યાગ્રહ આદર્યો. તેમણે આ કાયદાનો ભંગ કરવા સાબરમતીના આશ્રમથી દાંડીકૂચ યોજી. દાંડીકૂચના આરંભમાં તેમણે પ્રતિજ્ઞા લીધી : 'સ્વરાજ લીધા વિના પાછો નહીં કરું.'

દાંડીકૂચ પછી તો અંગ્રેજો સામે લડતના ઘણા પ્રસંગો પડ્યા. તેમાં ૧૯૪૨માં અંગ્રેજોને પડકાર કર્યો : 'ભારત છોડો' આ આંદોલન મહત્ત્વનું છે. એ પ્રસંગે ગાંધીજીને અંગ્રેજોએ જેલમાં પૂર્યા. ગાંધીજી સાથે ભારતના ઘણા નેતાઓને જેલમાં અંગ્રેજોએ પૂરી દીધા હતા .

આખરે અંગ્રેજોએ ભારત છોડ્યું, અને સને ૧૯૪૭ના ઓગસ્ટ માસની પંદરમી તારીખે આપણને આઝાદી મળી.

આપણા દેશની ગરીબાઈ જોઈ તેઓ માત્ર શરીર પર એક જ વસ્ત્ર ધારણ કરતા, એટલે કે માત્ર ધોતિયું જ ધારણ કરે, છાતી અને પીઠ ખુલ્લાં રાખે. સ્વાવલંબનને ઉત્તેજન આપવા તથા સ્વદેશી માલના વપરાશ માટે તેમણે ખાદી અપનાવી અને ખાદીના પ્રચારને તેમણે પોતાના જીવનમાં અગ્રતા આપી.

Sujaypatel11.blogspot.in

ગાંધીજી એ હિંદુ-મુસ્લિમની એકતા માટે, અસ્પૃશ્ય નિવારણ માટે તથા હરિજનોની સ્થિતિ માટે ઘણા પ્રયત્નો કર્યા. આમ, દેશના ભલા માટે તેમણે મહાન કાર્યો કર્યા. તેઓ 'રાષ્ટ્રપિતા' કહેવાયા.

ગાંધીજીએ અંહિસા, પ્રેમ અને સાદાઈ જેવા ગુણોને જીવનમાં ઊતાર્યા હતા અને આ ગુણો જ તેમનો જીવનસંદેશ હતો.

ઈ.સ. ૧૯૪૮ના જાન્યુઆરી માસની ત્રીસમી તારીખે ગાંધીજી સાંજની પ્રાર્થના માટે જઈ રહ્યા હતા. ત્યારે નાથુરામ ગોડશે નામના હત્યારાએ તેમનું ખૂન કર્યું. ગોળી વાગતાં ગાંધીજીના મુખમાંથી "હે રામ" શબ્દ નીકળ્યા હતા.

ગાંધી બાપુની સમાધિ દિલ્હીમાં છે. તે 'રાજઘાટ'ના નામે ઓળખાય છે .

# સરદાર વલ્લભભાઈ પટેલ

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના એક મહાન નેતા હતા. તેઓ ગુજરાતના પનોતા પુત્ર હતા. તેઓ 'લોખંડી પુરુષ' તરીકે જાણીતા હતા.

વલ્લભભાઈનો જન્મ તેમના મોસાળ નડિયાદમાં ઈ.સ. ૧૮૭૫ના ઓક્ટોબરની એકત્રીસમી તારીખે થયો હતો. તેમનું વતન કરમસદ હતું. તેમના પિતા ઝવેરભાઈ એક સામાન્ય ખેડૂત હતા. વલ્લભભાઈની માતાનું નામ લાડબાઈ હતું. વલ્લભભાઈના એક ભાઈનું નામ વિઠ્ઠલભાઈ હતું. તેઓ પણ દેશભક્ત હતા. વલ્લભભાઈ બાળપણથી જ ખૂબ હિંમતવાળા હતા.

કાયદાના વિશેષ અભ્યાસ માટે વલ્લભભાઈ ઇગ્લેન્ડ ગયા હતા. ત્યાંથી પાછા આવીને તેમણે અમદાવાદમાં વકીલાત શરૂ કરી. અમદાવાદની મ્યુનિસિપાલિટીનાં પ્રમુખ તરીકે તેમણે સેવાઓ આપી હતી. ગાંધીજીના પરિચયમાં આવ્યા પછી તેમણે વકીલાત છોડી દીધી. તેઓ આઝાદીની લડતમાં જોડાઈ ગયા. તેઓ અનેકવાર જેલમાં ગયા હતા.



ઈ.સ. ૧૯૨૮માં બારડોલીના ખેડૂતોએ સત્યાગ્રહ કર્યો. વલ્લભભાઈ તેમના નેતા હતા. એ સત્યાગ્રહ સફળ થયો. ત્યારથી વલ્લભભાઈ 'સરદાર' તરીકે ઓળખાયા.

વલ્લભભાઈ સ્પષ્ટ વક્તા હતા. તેઓ એક વાર જે નિર્ણય લે તે છોડે નહી. તેઓ મક્કમ મનના હતા. તેઓ નીડર અને નિર્ભય હતા. તેથી તેમને સૌ "લોખંડી પુરુષ" કહેતા હતા.

તેઓ ભારતના પ્રથમ ગૃહપ્રધાન અને નાયબ વડાપ્રધાન તરીકે તેઓ ઘણાં સફળ રહ્યા હતા.

ઈ.સ. ૧૯૪૭માં ભારતને આઝાદી મળી. એ સમયે હિન્દુસ્તાનમાં લગભગ ૬૦૦ જેટલાં દેશી રજવાડાં હતાં. આ સર્વ દેશી રાજ્યોને કુનેહથી ભારતસંઘ સાથે જોડી દીધાં. આ ઘણું મુશ્કેલ કાર્ય તેમણે પાર પાડ્યું.

ઈ.સ. ૧૯૫૦ના ડિસેમ્બર માસની ૧૫મી તારીખે સરદાર વલ્લભભાઈ પટેલનું અવસાન થયું.

ભારતને આઝાદી મળી. આ આઝાદીને સ્થિર અને દઢ બનાવવામાં વલ્લભભાઈનો ફાળો ઘણો મોટો છે.

ભારતના ઇતિહાસમાં સરદાર વલ્લભભાઈ પટેલનું નામ સુવર્ણ અક્ષરે લખાયું છે.

## ડૉ. ભીમરાવ આંબેડકર

દલિતો અને પીડિતો માટે જીવન સમર્પિત કરનાર ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકરનો જન્મ મધ્ય પ્રદેશ રાજયના મહૂ ગામમાં 14મી એપ્રિલ, 1891માં થયો હતો. તેમના પિતા રામજીભાઈ લશ્કરની શાળામાં શિક્ષક હતા. એમની માતા ભીમાબાઈ એમને નાના મૂકીને અવસાન પામ્યાં હતાં.

ભીમરાવ ભણવામાં અતિ તેજસ્વી હતા. પરંતુ એમની મહાર જ્ઞાતિ નીચી ગણાતી. પરિણામે ભીમરાવને વારંવાર અપમાન સહન કરવાં પડતાં. આથી મોટા થઈ આ અન્યાય દૂર કરવાનો એમણે દેઢ સંકલ્પ કર્યો. ભીમરાવની પ્રતિભાથી પોરસાયેલા વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપી. વિદેશમાં અનેક તકલીફો વેઠીને તે ભણ્યા. એમ. એ., પી. એચ. ડી. થયા. હવે ભીમરાવ ડૉ. ભીમરાવ આંબેડકર બન્યા.

Sujaypatel11.blogspot.in



ડૉ. ભીમરાવને ભારતમાં નોકરી મળી. પરંતુ તે અસ્પૃશ્ય હોવાના કારણે એમની જ ઓફીસનો પટાવાળો પણ એમની સાથે ગેરવર્તાવ કરતો. આ સામાજિક અન્યાય દૂર કરવા માટે એમણે "મૂકનાયક" નામનું પાક્ષિક શરૂ કર્યું. ઉપરાંત એમણે "બહિષ્કૃત હિતકારિણી સભા" નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થા દ્વારા સામાજિક ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ થવા લાગી.

બાબાસાહેબ પ્રખર દેશભકત પણ હતા. આઝાદીની લડતમાં પણ એમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. દેશ આઝાદ થયો. સ્વતંત્ર ભારતમાં તેઓ "કાયદાપ્રધાન" બન્યા. બંધારણ સમિતિના "અધ્યક્ષ" બન્યા. દેશનું બંધારણ ઘડાયું. તેઓ "બંધારણના ઘડવૈયા" કહેવાયા.

બાબાસાહેબે સ્ત્રીઓની સ્થિતિ સુધારવા પણ ઘણા પ્રયત્નો કર્યા. તેમના જીવન પર બુદ્ધ, કબીર અને જયોતિબા ફૂલેનો પ્રભાવ હતો. તેમને પુસ્તકો વાંચવાનો ઘણો શોખ

હતો. તે મોડે સુધી પુસ્તકાલયમાં બેસીને પુસ્તકો વાંચ્યા કરતા. ભારતમાતાના આ સાચા રત્નને ઇ.સ. 1990માં મરણોત્તર "ભારત રત્ન" ના ઈલકાબથી નવાજવામાં આવ્યા.

આવા મહાન દેશભકત, દલિતોના ઉદ્ધારક, ગરીબોના બેલી અને સ્ત્રીઓના પક્ષધર બાબાસાહેબ આંબેડકરનું અવસાન 1956માં થયું. ભારતરત્ન અને બંધારણના ઘડવૈયાને હૃદયપૂર્વક વંદન.

## ઉત્તરાયણ

'ઊડે ઊડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ.'

દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે.

આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને "ઉત્તરાયણ" પણ કહે છે.



દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની તૈયારીઓ શરૂ થઈ જાય છે. પતંગ બનાવવાની અને દોરી રંગવાની પ્રવૃતિથી શહેરો ધમધમી ઊઠે છે. મકરસંક્રાંતિની આગલી રાતે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. સૌ યુદ્ધની તૈયારી કરતાં હોય તેમ પતંગોને ક્ન્નિા બાંધવા લાગી જાય છે.

મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ આકાશમાં પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ઠેરઠેરથી 'કાટા...' 'કાટા...' "લપેટ". "લપેટ.." ની બૂમ સંભળાય છે. સ્પીકરીનો ઘોંઘાટ વાતાવરણ ને ગાજવી મૂકે છે. પતંગરસિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.



આ તહેવારોનું ધાર્મિક મહત્વ પણ છે. આ દિવસે ગાયોને બાજરીની ઘુઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલના લાડુમાં સિક્કા પૂરી તે લાડુ દાનમાં આપે છે. તે ગુપ્તદાનનો મહિમા દર્શાવે છે. આ દિવસે લોકો શેરડી, બોર અને તલસાંકળી ખાય છે.

કેટલાક લોકોને પતંગ ચગાવવા કરતાં પતંગ લૂંટવામાં ઘણો રસ પડે છે. કેટલાક લોકો પતંગ પકડવા જતાં ધાબા પરથી નીચે પડી જાય છે કે રસ્તા પર વાહનો સાથે અથડાય છે.

કેટલાક લોકો રાતે ટુક્કલ ચગાવે છે અને બીજા દિવસે વાસી ઉત્તરાયણ મનાવે છે.

આમ, મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

## પત્રલેખન

**(૧) તમારા મોટા ભાઈનાં લગ્ન છે. તેથી તમે ચાર દિવસ નિશાળે જઈ શકો તેમ નથી. તેની રજાચિઠ્ઠી લખો.**

૧૮, ભાગ્યોદય સોસાયટી,
સોલા રોડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧
તા. ૩૧–૧–૨૦૦૯

પૂજ્ય ગુરુજી,

સાદર પ્રણામ. તા. ૩–૨–૨૦૦૯ ના રોજ મારા મોટા ભાઈનાં લગ્ન છે. તેથી હું તા. ૧–૨–૨૦૦૯ થી તા. ૪–૨–૨૦૦૯ સુધી શાળાએ આવી શકું તેમ નથી. તો મારી ચાર દિવસની રજા પૂરવા મહેરબાની કરશોજી.

લિ.
આપનો આજ્ઞાંકિત વિદ્યાર્થી,
ભરત પટેલ
ધો. ૪, રોલ નં. ૧૧

Sujaypatel11.blogspot.in
સુજય પટેલ (ડાકોર) તા. ઠાસરા જી. ખેડા

**(૨) તમે પ્રવાસે જવા ઇચ્છો છો. તે માટે તમારા પિતાની સંમતિ માગતો પત્ર લખો.**

વિકાસ છાત્રાલય,
મોદીની વાડી,
ગોધરા - ૩૮૯ ૨૩૧
તા. ૧૧–૧૦–૨૦૦૯

પૂજ્ય પપ્પા,

સાદર પ્રણામ. મારું પહેલી કસોટીનું પરિણામ આવી ગયું છે. હું તેમાં પાસ થયો છું. મને ૮૩ % ગુણ મળ્યા છે.

અમારે દિવાળીની રજાઓમાં ચાર દિવસ માટે સૌરાષ્ટ્રના પ્રવાસે જવાનું છે, મારા બધા મિત્રો આ પ્રવાસમાં જવાના છે. મારી પણ પ્રવાસમાં જવાની ઇચ્છા છે.

તમે મને પ્રવાસે જવાની સંમતિ આપશો. પ્રવાસની ફી છસો રૂપિયા છે, તે પણ મોકલી આપશો.

મમ્મીને મારા પ્રણામ.

લિ.
તમારા દીકરા આશિષના પ્રણામ

**(૩) તમે તમારા મિત્રની વરસગાંઠની પાર્ટીમાં જઈ શકો તેમ નથી. તે અંગેનો પત્ર તમારા મિત્રને લખો.**

૨૪, મૈત્રીપાર્ક,
નારણપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૧૪
તા. ૭-૧૦-૨૦૦૯

પ્રિય મિત્ર દર્શન,

મને તારી વરસગાંઠની પાર્ટીના આમંત્રણ પત્ર મળ્યો. સોમવારે તારી વર્ષગાંઠ છે. તે જ દિવસે અમારે બધાંએ મારા મામા સાથે અંબાજી જવાનું છે. તેથી હું તારી આ પાર્ટીમાં આવી શકું તેમ નથી.

Sujaypatel11.blogspot.in

તને વરસગાંઠ મુબારક હો.

હું આવતા રવિવારે જરૂર તને મળવા આવીશ.

તારાં મમ્મી-પપ્પાને મારા પ્રણામ.

લિ.
તારો મિત્ર આલાપ

## વિચાર વિસ્તાર

ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;
ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.

આ પંકિતઓમાં કવિ કહે છે કે સતત પ્રયત્ન કરવાથી જ કાર્યમાં સફળતા મળે છે. તે માટે તેમણે જુદાં જુદાં ઉદાહરણો આપ્યાં છે. સતત ભણતા રહેવાથી વ્યકિત પંડિત બને છે. સતત લખતાં લખતાં વ્યકિત લહિયો – લખવામાં કુશળ – થઈ શકે છે. એ જ રીતે રસ્તો ભલે લાંબો હોય, પરંતુ થોડું થોડું ચાલતા રહેવાથી જ તે કપાય જાય છે. આપણે કોઈ પણ કાર્યમાં નિપુણતા મેળવવા સતત પ્રયત્ન કરતા રહેવું જોઈએ. ધીરજ રાખીને સતત મહાવરો કરતા રહેવાથી જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

## વિચાર વિસ્તાર

વિધા પુસ્તકમાં અને પર કબજામાં ધન;
ભીડ પડે ના કામનાં એ વિધા એ ધન.

આ પંકિતઓમાં કવિ કહે છે કે પુસ્તકમાં રહેલી આપણી વિદ્યા અને પારકાના કબજામાં રહેલું આપણું ધન ભીડ પડે ત્યારે કામ લાગતા નથી. આથી આવી વિદ્યા અને આવું ધન હોવાનો કોઈ અર્થ નથી. પુસ્તકમાંથી આપણને માર્ગદર્શન મળી રહે છે. પરંતુ મુશ્કેલીના સમયે પુસ્તકનાં પાનાં વાંચવા ન બેસાય. તેથી વિદ્યા કંઠસ્થ હોવી જોઈએ. એ જ રીતે બીજાને ઉછીની આપેલી રકમ આપણી મુશ્કેલીના સમયે આપણને મળી શકતી નથી. આથી આપણું ધન, મિલકત આપણા કબજામાં જ રાખવાં જોઈએ.

## મારો યાદગાર પ્રવાસ

**[(૧) પ્રસ્તવાના (૨) પ્રવાસની સામાન્ય માહિતી (૩) પ્રવાસ અને તેમાં પડતી મુશ્કેલીનોનું વર્ણન (૪) ઉપસંહાર]**

વિધાર્થીવનમાં પ્રવાસનું ઘણું મહત્ત્વ છે. પ્રવાસ કરવાથી માપણામાં સંપ, સહકાર, સહનશીલતા અને સાહસિકતા જેવા ગુણોનો વિકાસ થાય છે. આપણે આપણું કામ

જાતે કરતાં શીખીએ છીએ, સૌંદર્યને નિહાળવાની આપણી દૃષ્ટિ વિકસે છે, આપણને નવું નવું જોવા અને જાણવા મળે છે.

અમારી શાળામાંથી અમને દર વર્ષે પ્રવાસે જવાની તક મળે છે. પ્રવાસે જઈને ત્યાં કોઈ વાર જમવાનું સારું ન મળે તો કોઈ વાર રહેવાની સારી સગવડ ન હોય, કોઈ વાર બસ ખોટકાઇ જાય તો કોઈ વાર ટ્રેન મોડી પડે પણ આવું. થોડીઘણી અગવડો જ આપણા પ્રવાસને રોમાંચક બનાવે છે.

એક વખત અમારી શાળા દ્વારા કચ્છ-ભૂજનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. એ પ્રવાસના રોમાંચક અનુભવને તો હું આજે પણ ભૂલી શકતો નથી. પાંચ શિક્ષકો સાથે અમે પંચાવન વિધાર્થીમો લકઝરી બસ દ્વારા, કચ્છ-ભૂજના પ્રવાસે નીકળ્યા, સવારનું ખુશનુમા વાતાવરણ હતું. સાયલા, ચોટીલા, માટેલ વગેરે સ્થળો જોઈને અમે મોરબી પહોચ્યા. ત્યાંથી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. અમે અંજાર પહોંચ્યા ત્યાં સુધી વરસાદ ચાલુ જ હતો, અમે ભીંજાતા ભીંજાતા ધશાળાએ પહોંચ્યાં.

બીજે દિવસે સવારે સૂર્યનારાયણનાં દર્શન થયાં. અમે અંજારમાં જેસલ-તોરલની સમાધિ જોઈ. અમે અંજારના બજારમાંથી સૂડી મને ચપ્પુની ખરીદી કરી. બપોરનું ભોજન કર્યા પછી અમે ભુજ તરફ રવાના થયા, ત્યાં ફરીથી વરસાદ શરૂ થઈ ગયો. કચ્છ-ભૂજમાં સામાન્ય રીતે વરસાદ ઘણો ઓછો પડે છે. તે પણ ચોમાસામાં જ પડે, દિવાળીના દિવસોમાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો એ બાબત અમારે માટે આશ્ચર્યજનક હતી, અમે વરસતા વરસાદમાં ભૂજના સ્વામિનારાયણ્ મંદિરની ધર્મશાળાએ પહોંચ્યા. કેટલાક વિદ્યાર્થીઓ અને શિક્ષકો ટાઢથી ધ્રૂજી રહ્યા હતા. મોડી રાત્રે અમે ગરમ ગરમ ખીચડી, કઢી જમ્યા.

રાત્રે વરસાદ થંભી ગયો હતો. સવારે તૈયાર થઈને અમે ભૂજનાં જોવાલાયક સ્થળો–મ્યુઝિયમ અને મહેલની મુલાકાત લીધી, ભુજનું તળાવ પણ પાણીથી છલોછલ થયું હતું. આ કૌતુક જોવા માટે લોકોનાં ટોળેટોળાં ઊમટયાં હતાં.

બપોરે જમ્યા પછી અમે માંડવી તરફ રવાના થયા. માંડવીથી અમે માતાના મઢે પહોંચ્યા સદભાગ્યે ત્યાં અમને વરસાદનું વિઘ્ન નડયું નહીં. વહેલી સવારે માતાના મઢમાંથી નીકળીને નારાયણ સરોવર ગયા.. અમે ત્યાં કોટેશ્વર મહાદેવનાં દર્શન કર્યો. વિશાળ દરિયો જોઈ અમારી અંદર પણ આનંદના મોજાં ઉછળવા લાગ્યાં. એવામાં પોલીસે

અમને માહિતી આપી કે, 'કંડલા' તરફથી વાવાઝોડું આવી રહ્યું છે. એટલે તમામ પ્રવાસીઓએ દસ વાગ્યા સુધીમાં અહીંથી નીકળી સલામત સ્થળે જતા રહેવું.

અમે જલદી જલદી ત્યાંથી વિદાય થયા. અમે કંડલા તરફ જવાને બદલે ભૂજમાં પાછા ફર્યા અહીં અમે ભોજન લીધું. પછી અમે ભૂજમાંથી વિદાય લીધી. અમે રાતના એક વાગે શાળામાં આવી પહોંચ્યા. ત્યારબાદ જાણ્યું કે વાવાઝોડું બીજા રસ્તે ફંટાઈ ગયું હતું.

આ પ્રવાસમાં અમને ઠીકઠીક તકલીફો પડી. પણ અમને અમારામાં રહેલી હિંમત, સહનશક્તિ અને ભાઈચારાનો અનુભવ પણ થયો.

આમ, આ પ્રવાસ મારો એક યાદગાર પ્રવાસ બની રહ્યો.

## વાર્તા લેખન

અકબરનો દરબાર ભરાયો હતો – અકબરને દૂધથી ભરેલું તળાવ બનાવવાનો વિચાર આવ્યો – તેણે ગામમાં ઢંઢેરો પિટાવ્યો કે ખાલી તળાવમાં સૌ પ્રજાજનોએ વહેલી સવારે એક – એક લોટો દૂધ રેડી જવું – બિરબલે કહ્યું કે તળાવ દૂધથી નહિ પણ પાણીથી ભરાઈ જશે – બીજે દિવસે તળાવ ખરેખર પાણીથી ભરાઈ ગયું હતું – અકબરને આશ્ચર્ય થયું – બોધ

Sujaypatel11.blogspot.in

### સૌનું કામ તે કોઈનું નહિ

અકબર બાદશાહનો દરબાર ભરાયો હતો. દરબારમાં અનેક વિદ્વાનો હતા. તેઓ જુદા જુદા વિષયો પર ચર્ચા કરતા હતા. બિરબલ તેના રમૂજી સ્વભાવથી બધાંનું મનોરંજન કરતો હતો.

એકાએક અકબર બાદશાહને વિચાર આવ્યો કે ગામનું તળાવ સુકાઈ ગયું છે. તેમાં એક ટીપુંય પાણી નથી. જો તેને દૂધથી ભરવામાં આવે તો કેટલું સુંદર લાગે !

દરબાર પૂરો થયો. અકબરે સેનાપતિને બોલાવ્યો અને ગામમાં ઢંઢેરો પિટાવવાનો હુકમ કર્યો. ગામમાં ઢંઢેરો પીટવામાં આવ્યો : નામદાર બાદશાહનો હુકમ છે કે આવતી કાલે વહેલી સવારે દરેકે ગામના તળાવમાં એક- એક લોટો દૂધ રેડી જવું. બિરબલે ઢંઢરો સાંભળ્યો. તેને આશ્ચર્ય થયું. તે બાદશાહને મળ્યો અને કહ્યું, "નામદાર, આવતી કાલે તળાવ દૂધથી નહિ પણ પાણીથી ચોક્કસ ભરાઈ જશે."

બીજે દિવસે અકબર બાદશાહે જોયું કે તળાવ દૂધથી નહિ પરંતુ પાણીથી ભરાઈ ગયું હતું. બાદશાહને ખૂબ આશ્ચર્ય થયું. તેણે બિરબલને આમ થવાનું કારણ પૂછયું. બિરબલે કહ્યું, "નામદાર, સૌનું કામ તે કોઈનું નહિ" દરેક એમ વિચાર્યું કે બધા લોકો લોટો ભરીને દૂધ રેડવાના છે. હું એકલો એક લોટો પાણી રેડીશ તો કોઈને કંઈ ખબર પડવાની નથી.

આમ વિચારીને બધાંએ દૂધને બદલે પાણી રેડ્યું . આ વાર્તા પરથી બોધ મળે છે કે સૌનું કામ તે કોઈનું નહિ, દરેકને વ્યકિતગત જવાબદારી સોંપવી જોઈએ.

Sujay Patel Educational Materials
Sujaypatel11.blogspot.in
સુજય પટેલ (ડાકોર) તા. ઠાસરા જી. ખેડા

# ૩૫. મહાત્મા ગાંધીજી

મહાત્મા ગાંધીજીનું નામ દુનિયાભરના મહા-પુરુષોમાં મોખરે છે. ભગવાન બુદ્ધ, મહાવીર સ્વામી, ઈસુ ખ્રિસ્ત જેવા મહાપુરુષો સાથે મહાત્મા ગાંધીજીને પણ યાદ કરવામાં આવે છે. આપણે સૌ તેમને 'મહાત્મા ગાંધીજી', 'બાપુજી' જેવાં લાડીલાં નામોથી ઓળખીએ છીએ.

મહાત્મા ગાંધીજીનું નામ મોહનદાસ હતું. તેમના પિતાનું નામ કરમચંદ હતું. તેમની માતાનું નામ પૂતળીબાઈ હતું. તેમનો જન્મ ઈ.સ. ૧૮૬૯ ના ઓક્ટોમ્બર માસની બીજી તારીખે પોરબંદરમાં થયો હતો.

મહાત્મા ગાંધીજીની પત્નીનું નામ કસ્તૂરબા હતું. સૌ તેમને આદર સાથે 'બા' કહીને બોલાવતા. ઘણી નાની ઉંમરમાં કસ્તૂરબા સાથે ગાંધીજીના લગ્ન થયાં હતાં.

મેટ્રિક સુધીનો અભ્યાસ ભારતમાં પૂર્ણ કરી ગાંધીજી ઇંગ્લેન્ડ ગયા. ત્યાં તેમણે કાયદાઓનું શિક્ષણ મેળવ્યું. વકીલ થયા પછી તેમણે દક્ષિણ આફ્રિકામાં વકીલાત શરૂ કરી. એ સમયે આફ્રિકામાં કાળા-ગોરાના ભેદભાવ સામે તેમણે સત્યાગ્રહ કર્યો.

આફ્રિકાથી ગાંધીજી ભારત પાછા ફર્યા. સ્વરાજ્ય માટે તેમણે અંગ્રેજો સામે અહિંસક લડત શરૂ કરી. અમદાવાદમાં નદી સાબરમતીને કિનારે આશ્રમ બનાવી તેઓ ત્યાં રહ્યા. મીઠા પર અંગ્રેજોએ કર નાંખ્યો. આ માટે તેમણે સત્યાગ્રહ આદર્યો. તેમણે આ કાયદાનો ભંગ કરવા સાબરમતીના આશ્રમથી દાંડીકૂચ યોજી. દાંડીકૂચના આરંભમાં તેમણે પ્રતિજ્ઞા લીધી : 'સ્વરાજ લીધા વિના પાછો નહીં ફરું.'

દાંડીકૂચ પછી તો અંગ્રેજો સામે લડતના ઘણા પ્રસંગો પડ્યા. તેમાં ૧૯૪૨માં અંગ્રેજોને પડકાર કર્યો : 'ભારત છોડો' આ આંદોલન મહત્ત્વનું છે. એ પ્રસંગે ગાંધીજીને અંગ્રેજોએ જેલમાં પૂર્યા. ગાંધીજી સાથે ભારતના ઘણા નેતાઓને જેલમાં અંગ્રેજોએ પૂરી દીધા હતા.

આખરે અંગ્રેજોએ ભારત છોડ્યુ, અને સને ૧૯૪૭ના ઓગસ્ટ માસની પંદરમી તારીખે આપણને આઝાદી મળી.

આપણા દેશની ગરીબાઈ જોઈ તેઓ માત્ર શરીર પર એક જ વસ્ત્ર ધારણ કરતા, એટલે કે માત્ર ધોતિયું જ ધારણ કરે, છાતી અને પીઠ ખુલ્લાં રાખે. સ્વાવલંબનને ઉત્તેજન આપવા તથા સ્વદેશી માલના વપરાશ માટે તેમણે ખાદી અપનાવી અને ખાદીના પ્રચારને તેમણે પોતાના જીવનમાં અગ્રતા આપી.

ગાંધીજી એ હિંદુ - મુસ્લિમની એકતા માટે, અસ્પૃશ્ય નિવારણ માટે તથા હરિજનોની સ્થિતિ માટે ઘણા પ્રયત્નો કર્યા. આમ, દેશના ભલા માટે તેમણે મહાન કાર્યો કર્યા. તેઓ 'રાષ્ટ્રપિતા' કહેવાયા.

ગાંધીજી એ અંહિસા, પ્રેમ અને સાદાઈ જેવા ગુણોને જીવનમાં ઊતાર્યા હતા. અને આ ગુણો જ તેમનો જીવનસંદેશ હતો.

ઈ.સ. ૧૯૪૮ના જાન્યુઆરી માસની ત્રીસમી તારીખે ગાંધીજી સાંજની પ્રાર્થના માટે જઈ રહ્યા હતા. ત્યારે નાથુરામ ગોડશે નામના હત્યારાએ તેમનું ખૂન કર્યું. ગોળી વાગતાં ગાંધીજીના મૂખમાંથી 'હે રામ' શબ્દ નીકળ્યા હતા.

ગાંધી બાપુની સમાધિ દિલ્હીમાં છે. તે'રાજઘાટ'ના નામે ઓળખાય છે.

# ૩૩. પંદરમી ઓગષ્ટ (સ્વાતંત્ર્ય દિન)

પંદરમી ઓગષ્ટ એટલે સ્વાતંત્ર્ય દિન. લાંબા સમય સુધી અંગ્રેજોએ આપણા દેશમાં રાજ્ય કર્યું. આપણે પરતંત્ર હતા, ગુલામ હતા. આપણો દેશ સ્વતંત્ર થાય એ માટે મહાત્મા ગાંધીજી અને બીજા નેતાઓએ પ્રયત્નો કર્યા. સ્વાતંત્ર્ય મેળવવા કેટલાય શહીદો થયા.

સને ૧૯૪૭ના ઓગષ્ટમાસની પંદરમી તારીખે આપણે આઝાદી હાંસલ કરી. આ દિવસેને આપણે સ્વાતંત્ર્ય દિન તરીકે ઊજવીએ છીએ. આ આપણો ગૌરવભર્યો રાષ્ટ્રીય તહેવાર છે.

પંદરમી ઓગષ્ટે અત્યંત મહત્ત્વનો કાર્યક્રમ ધ્વજવંદનનો છે. દિલ્હીમાં લાલ કિલ્લા પર આપણા વડાપ્રધાન રાષ્ટ્રધ્વજ ફરકાવે છે. તેઓ પ્રજાજોગ સંદેશો પાઠવે છે.

આપણાં શહેરોમાં તથા ગામે ગામ ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવે છે. શિક્ષણ સંસ્થાઓ અને જાહેર સંસ્થાઓમાં પણ ધ્વજવંદન કરવામાં આવે છે.

પંદરમી ઓગષ્ટને દિવસે પ્રભાતફેરી, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા દેશભક્તિનાં ગીતોનું ગાન જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. રાત્રીએ જાહેર સંસ્થાઓની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવે છે.

ખૂબ બલિદાન આપીને મેળવેલી આઝાદીનું જતન કરવા પ્રતિજ્ઞા લેવાનો આ દિવસ છે.

દરેકને રાષ્ટ્ર માટે પ્રેમ, ગૌરવ અને બલિદાન આપવાની ભાવના હોવી જોઈએ.

# ૩૧. રક્ષાબંધન

શ્રાવમ માસને તહેવારોનો મહિનો કહે છે. શ્રાવણ માસમાં ઘણા તહેવારો આવે છે. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે બળેવનો તહેવાર ઊજવવામાં આવે છે.

કાચા સૂતરના ધાગાની રાખડી હોય છે. તેમાં રેશમના ફૂમતા વચ્ચે મોતી હોય છે હવે તો કલાત્મક રીતે રાખડીઓ બનાવવામાં આવે છે. બહેન ભાઈને હાથે રાખડી બાંધવા ઉત્સુક છે, ભાઈ બહેન પાસે રાખડી બંધાવવા ઉત્સુક હોય છે.

વહેલી સવારે રક્ષાબંધનની વિધિ કરવામાં આવે છે. બહેન ભાઈના કપાળમાં કુમકુમ તિલક કરે છે, અક્ષત ચોઢે છે. એ પછી તે ભાઈના જમણા હાથે રાખડી બાંધે છે. રાખડી બાંધ્યા પછી બહેન ભાઈને ગોળ ખવડાવે છે. હવે ગોળને બદલે પેંડો ખવડાવે છે. બહેન ભાઈને અંતરના આશિષ આપે છે. આ પછી ભાઈ બહેનને તેની રક્ષા કરવા તથા તેને દુઃખ કે સંકટ વેળાએ મદદ કરવાની ખાતરી આપે છે. તે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે બહેનને ભેટ આપે છે. જેને 'વીરપસલી' કહે છે. આમ, રક્ષાબંધન એ ભાઈબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર છે.

આ દિવસે બ્રાહ્મણો પૂજાવિધિકરી જનોઈને બદલે છે. ઘણાં સ્થળે બ્રાહ્મણો નદીકિનારે જઈને જનોઈ બદલવાની વિધિ કરતા હોય છે.

'રક્ષાબંધન'ના તહેવારને બળેવ પણ કહે છે. આ દિવસે નાવિકો સમુદ્રની પૂજા કરે છે. તેઓ સમુદ્રને નાળિયેરથી વધાવે છે. તેથી તેને

નાળિયેરી પૂનમ પણ કહે છે.

રક્ષાબંધનના દિવસને કેટલીક સામાજિક સંસ્થાઓ પણ ઊજવે છે. આવી સંસ્થાઓ તરફથી કેટલીક બહેનો હોસ્પિટલોમાં જઈને દર્દીઓને હાથે રાખડી બાંધે છે. તેઓ તેમને જલદી સાજા થઈ જવાની શુભેચ્છા આપે છે. કેટલીક બહેનો જેલમાં જઈને કેદીઓને હાથે રાખડી બાંધે છે. તેમને સારું જીવન જીવવા આ પ્રસંગે પ્રેરણા આપે છે.

રક્ષાબંધન એક સામાજિક તહેવાર છે. તેની ઉજવણીમાં ભાઈ-બહેનનો પ્રેમ ઝળહળે છે.

# ૧૯. મારી મમ્મી

મને વહાલામાં વહાલી મારી મમ્મી છે. મારી મમ્મીનું નામ ................................... છે.

મને મારી મમ્મી સવારે વહેલો જગાડે છે. દાંત સાફ કરવા, સ્નાન કરવું, પ્રભુને પ્રાર્થના કરવી - આવી સારી ટેવો મારી મમ્મીએ મને શીખવાડી છે. મારી મમ્મી સવારે ગરમ દૂધ પીવા આપે છે. દૂધ સાથે તે મને નાસ્તો પણ આપે છે.

મારી મમ્મી મને તૈયાર કરી સમયસર શાળામાં મોકલે છે. તે હાથ ઊંચો કરી મને વિદાય આપે છે. સાંજે ભણીને શાળામાંથી હું ઘેર આવું છું ત્યારે મારી મમ્મી મને આવકારે છે. તે મને વહાલથી હૈયે ચાંપે છે. તે મારા માથે પ્રેમથી હાથ ફેરવે છે.

મારી મમ્મી મને પાસે બેસાડી નિશાળનું લેસન કરાવે છે. તે મને ભણાવે છે.

મારી મમ્મી મને ભાવતી વાનગીઓ બનાવીને જમાડે છે. તે બજારમાંથી ફળો તથા બિસ્કિટ લાવે છે ને મને નાસ્તા તરીકે જમાડે છે.

મારી મમ્મી મારે માટે રમકડાં લાવે છે. તે વાર્તાઓની ચોપડીઓ પણ મારે માટે લાવે છે.

રાત્રે સૂઈ જતાં પહેલાં મારી મમ્મીને હું કવિતાઓ ગાઈ સંભળાવું છું. મારી મમ્મી મને નવાં નવાં ગીતો ગાતાં શીખવાડે છે. મારી મમ્મી મને મઝાની વાતો પણ કહે છે. હું મારી મમ્મીને ખૂબ ચાહું છું. મારી મમ્મી મને ખૂબ પ્રેમ કરે છે.

# ૧૫. વર્ષાઋતુ

આપણાં દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓનો અનુભવ થાય છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. શિયાળામાં ઠંડી પડે છે. ઊનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદ પડે છે. વર્ષા આપતી ઋતુ એટલે વર્ષાઋતુ. વર્ષાઋતુને ઋતુઓની રાણી કહે છે.

અષાઢ માસથી વર્ષાઋતુની શરૂઆત થાય છે. આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાઈ જાય છે. વાદળોનો ગડગડાટ થાય છે. વીજળી ચમકારા કરે છે. ઠંડો ઠંડો પવન ફૂંકાય છે. અને વરસાદ વરસે છે. વરસાદ પડતાં જ વાતાવરણમાં ઠંડક પ્રસરાઈ જાય છે. સહુને આનંદ આનંદ થઈ જાય છે.

વર્ષાઋતુમાં મોર ખુશ થઈને ટહુકા કરે છે. મોર કળા કરીને નાચે છે. દેડકા 'ડ્રાઉં, ડ્રાઉં' કરે છે.

વરસાદ પડતા જ ખેડૂતો ખુશ થઇ જાય છે. તેઓ ખેતરે જાય છે. અને વાવણી કરે છે. વર્ષાઋતુમાં ખેતરો પાકથી લીલાછમ બની જાય છે. ધરતી પર લીલું લીલું ઘાસ ઊગે છે. ધરતી માતાએ જાણે કે લીલી સાડી પહેરી હોય તેવું લાગે છે.

વરસાદ પડતાં નદી, નાળાં, તળાવ છલકાઈ જાય છે. નદીઓમાં પૂર આવે છે. ઘણીવાર વધુ વરસાદ પડતાં નદીઓના પાણી આજુબાજુના ગામોમાં ફરી વળે છે. અને લોકોનાં જાનમાલને નુકસાન થાય છે.

વર્ષાઋતુ બાળકોની પ્રિય ઋતુ છે. બાળકો વરસતા વરસાદમાં ન્હાવા માટે નીકળી પડે છે. પાણીમાં છબછબિયાં કરવાની તેમને ખૂબ મઝા પડે છે. કાગળની હોડીઓ બનાવી તેઓ પાણીમાં તરતી મૂકે છે. બાળકો આનંદથી ગાય છે : 'આવરે વરસાદ ઘેબરિયો પરસાદ, ઊની ઊની રોટલીને કારેલાંનું શાક !'

વરસાદ એ ઈશ્વરનું વરદાન છે. જો વરસાદ ન પડે તો દુકાળની પરિસ્થિતિ સર્જાય છે. તેવે વખતે અનાજ, પાણી અને ઘાસચારાની અછત વર્તાય છે.

વર્ષાઋતુ ધરતીને શોભા અને સમૃદ્ધિ આપે છે. વર્ષાઋતુ પશુ, પંખી અને માનવીને ખૂબ ઉપયોગી છે.

# ૧૭. શિયાળો

આપણા દેશમાં મુખ્ય ત્રણ ઋતુઓ અનુભવાય છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું. શિયાળામાં ઠંડી પડે છે. ઉનાળામાં ગરમી અને ચોમાસામાં વરસાદ પડે છે.

શિયાળો ઠંડીની ઋતુ છે. દિવાળીનો તહેવાર પૂરો થતાં ધીમે ધીમે ઠંડી પડવાની શરૂઆત થાય છે. લોકો ઠંડીથી બચવા ગરમ ઊનનાં વસ્ત્રો પહેરે છે. ગામડાંઓમાં ઠંડીને ઉડાડવા તાપણાં કરવામાં આવે છે. કેટલાક લોકો સૂર્યના તાપમાં બેસીને ઠંડી ઊડાડે છે. રાત્રે લોકો ધાબળાં ઓઢીને સૂઈ જાય છે.

શિયાળામાં સવારનો સમય સ્ફૂર્તિ દાયક હોય છે. ઘણાં લોકો શિયાળામાં સવારે ફરવા નીકળે છે. કેટલાંક દોડે છે. લોકો કસરત પણ કરે છે.

શિયાળામાં કેટલાક લોકો જુદા જુદા પાક આરોગે છે. ગુંદરપાક, કોપરાપાક, મેથીપાક અને સાલમપાક જાણીતા છે. કેટલાંક લોકો ગોળ અને કોપરાં પણ ખાય છે. એક કહેવત છે. "જેનો શિયાળો સારો, તેનું આખું વરસ સારું"

શિયાળામાં દિવસ ટૂંકો અને રાત લાંબી હોય છે. ઘણી જગ્યાએ શિયાળામાં હિમવર્ષા પણ થાય છે.

શિયાળો એક ઉત્તમ ઋતુ છે.

# ૩૨. ઉત્તરાયણ

બાળકોને અતિ પ્રિય તહેવાર ઉત્તરાયણ છે. સઘળા તહેવારો તો હિન્દુ તિથિ અનુસાર ઊજવાતા હોય છે. ઉત્તરાયણ તો જાન્યુઆરી માસની ચૌદમી તારીખે ઊજવાય છે. આ દિવસનું મહત્ત્વ ભૂગોળ અનુસાર છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશ છે, તેથી તેને 'મકરસંક્રાંત' કહે છે.

એક ધાર્મિક તહેવાર તરીકે આ દિવસે લોકો પુણ્યદાન કરે છે. ઘણા બાજરી કે ઘઉંની ઘૂઘરી બાફી ગાયોને ખવડાવે છે. ઘણા ગાયોને ઘાસપૂળા ખવડાવે છે. ગરીબોને દાન અને બ્રાહ્મણોનો દક્ષિણા આપવામાં આવે છે. કેટલાક તલસાંકળી કે તલના લાડ, બોર કે જામફળ વહેંચે છે.

ઉત્તરાયણનો ખરો મહિમા તો પતંગ વિશે છે. પતંગના પર્વ તરીકે આ તહેવાર બાળકથી માંડીને વૃદ્ધો, સ્ત્રીઓ તથા પુરુષો ઊજવે છે.

કોઈ શત્રુના દેશ પર ચઢાઈ કરવા લશ્કર તૈયાર કરવામાં આવે એવી તૈયારીઓ ઉત્તરાયણને ઊજવવા માટે કરવામાં આવે છે.

સૈનિકોના હાથમાં શસ્ત્રો તેમ પતંગ રસિયાઓના હાથમાં દોરી. દોરીને રંગ અને કાચ પાવામાં આવે છે. આવી દોરીઓની ફિરકીઓ તૈયાર કરવામાં આવે છે.

પતંગો તો ભાત ભાતના અને જાત-જાતના હોય છે. માનવી જુદી જુદી ફેશનો કરે તેમ પતંગોના રંગ અને તેમના પર આંકેલી ભાત પણ

જુદા જુદા હોય છે. કોઈ પતંગ માત્ર એક જ રંગના હોય છે. કોઈ પતંગ પર ચટપટા હોય છએ. કોઈ કોઈ પતંગ પર ચાંદરણાની ભાત શોભતી હોય છે. કાબરચીતરા પતંગો પણ ખરા.

ઉત્તરાયણના દિવસ અગાઉ રાત્રીએ જાગીને પતંગોને કિન્ના બાંધી દેવામાં આવે છે. ફાટેલા પતંગોને સાંધવાના સરંજામ તૈયાર રાખવામાં આવે છે.

ઉત્તરાયણના દિવસે પરોઢ પ્રગટ્યું નથી કે ધાબાઓ અને અગાશીઓ ધમધમી નથી.

પતંગોના પેચ એટલે પતંગોનું યુદ્ધ. યુદ્ધમાં જેમ વ્યૂહ તેમ પેચના પણ વ્યૂહ. કોઈ દોરી છોડીને પેચ લડાવે તો કોઈ દોરીને ખેંચીને પેચ લડાવે. પતંગના જંગનો રંગ ઓર હોય છે, તેનો ઉમંગ ઓર હોય છે !

એવા કેટલાક લોકો હોય છે જેઓ કપાયેલા પતંગોને લૂંટવાનો આનંદ માણતા હોય છે. તેઓ પતંગ પકડવા ઝંડા બનાવી તેમનો ઉપયોગ કરે છે.

વાતાવરણ તો ધમધમે. 'એ કાપ્યો....' જેવી બૂમો ચારેય દિશાઓમાં ગાજે.

રાત્રીએ પણ પતંગનો આગવો આનંદ. ઊડતા પતંગની દોરી સાથે નાનકડા કાગળના ફાનસની વચ્ચે સળગતી મીણબત્તી મૂકીને તુક્કલ બનાવવામાં આવે. આવી તુક્કલો ઊડતા આગિયા જેવી લાગે.

ઉત્તરાયણ પછીના બીજા દિવસને વાસી ઉત્તરાયણ તરીકે ઊજવવામાં આવે છે.

ઉત્તરાયણ એટલે આનંદનો ઉત્સવ !

# ૩૪. છવ્વીસમી જાન્યુઆરી

## (પ્રજાસત્તાક દિન)

સને ૧૯૪૭ના ઓગસ્ટ માસની પંદરમી તારીખે આપણે આઝાદી પ્રાપ્ત કરી. આ દિવસને સ્વાતંત્ર્ય દિન તરીકે આપણે ઊજવવીએ છીએ.

સને ૧૯૫૦ ની જાન્યુઆરી માસની છવ્વીસમી તારીખે આપણા દેશાં નવા ઘડાયેલા બંધારણનો અમલ શરૂ થયો, બંધારણ મુજબ પ્રજાનું રાજ્ય સ્થપાયું. આથી આ દિવસ પ્રજાસત્તાક દિન તરીકે ઊજવાય છે.

આપણા પાટનગર દિલ્હીમાં ૨૬ મી જાન્યુઆરીના દિવસે રાષ્ટ્રપતિના વરદ હસ્તે ધ્વજવંદન થાય છે.

પંદરમી ઓગષ્ટ કરતાં છવ્વીસમી જાન્યુઆરીનો કાર્યક્રમ તદ્દન જુદો જ છે. આ દિવસે ભારતની સંસ્કૃતિના ગૌરવની ઉજવણીને ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. પ્રથમ આપણા લશ્કરની ભવ્ય પરેડ યોજવામાં આવે છે. એ પછી, ભારતમાં સઘળાં રાજ્યો તેમની લોકસંસ્કૃતિની ઝલક પ્રદર્શિત કરતા ખાસ ટેબ્લો બતાવે છે. તેઓ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ પ્રદર્શિત કરે છે. લશ્કરના જવાનોને તથા પોલીસ દળના બહાદુરોને તેમની વીરતા અને શૌર્ય માટે પારિતોષિકો એનાયત કરવામાં આવે છે. વર્ષ દરમિયાન વીરતા દાખવનાર બાળકોને ગજરાજ પર સવારી કરાવી તેમનું અભિવાદન કરવામાં આવે છે.

દિલ્હી ઉપરાંત ભારતના દરેક રાજ્યોમાં રાજ્યના પાટનગરમાં રાજ્યપાલના વરદ હસ્તે ધ્વજવંદન યોજવામાં આવે છે. શહેરો અને ગામડાંઓની જાહેર સંસ્થાઓમાં પણ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવે છે.

શાળાઓમાં આ દિવસની ઊજવણી ઉમંગથી કરવામાં આવે છે. શૌર્યગીતોનું ગાન, રમતોની સ્પર્ધા, નાટકના કાર્યક્રમો, રાસ-ગરબાનું આયોજન અને ચિત્ર-હરીફાઈ જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો આ દિવસની વિશિષ્ટતા છે.

# ૨૭. હોળી

ફાગણ સુદ પુનમને દિવસે હોળીનો ઉત્સવ ઊજવવામાં આવે છે.

હિરણ્યકશિપુ નામે એક રાક્ષસ રાજા હતો. તેના કુંવરનું નામ પ્રહલાદ હતું. પ્રહલાદ પ્રભુનો ભક્ત હતો. તેના પિતા ભગવાનના વેરી હતા. તેમને પ્રહલાદ પ્રભુને ભજે એ ન ગમે. હિરણ્યકશિપુની એક બહેન હતી. તેનું નામ હોલિકા હતું. તેને અગ્નિ બાળી ન શકે એવું વરદાન હતું. પ્રહલાદને મારી નાંખવા હોલિકા તેને ખોળામાં બેસાડી લાકડાંઓની ચિતા પર બેઠી. ચિતા સળગાવવામાં આવી ચમત્કાર થયો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ. પ્રહલાદ ઊગરી ગયો. આમ સત્ય અને પ્રભુની ભક્તિનો વિજય થયો. આ પૌરાણિક પ્રસંગથી હોળીનો તહેવાર ઊજવવામાં આવે છે.

પ્રહ્લાદ ઊગરી ગયો તેના આનંદમાં સૌ આનંદ ઉત્સવ ઊજવે છે. તેઓ એકબીજા પર ગુલાલ છાંટે છે. પછી તો આ સમગ્ર તહેવાર રંગનો ઉત્સવ બની ગયો.

ગામને પાદરે કે શેરીને નાકે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સહુ હોળીની પૂજા કરે છે. હોળીના દિવસે લોકો હારડા, ધાણી-ચણા અને ખજૂર ખાય છે.

હોળી પછીના બીજા દિવસને સૌ ધુળેટી તરીકે ઊજવે છે. આ દિવસે લોકો એકબીજા પર રંગ અને ગુલાલ છાંટે છે. બાળકો રંગની પિચકારીઓથી એકબીજાને રંગે છે. કલાકો સુધી લોકો રંગની છોળોમાં રગદોળાય છે.

હોળીનો તહેવાર બાળકોને અતિ પ્રિય છે.